અપીલ અરજી નં.૧૩૬ તા.૭–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સૂર્યકાંત બુધાભાઈ પાટીલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૂર્યકાંત બુધાભાઈ પાટીલ આઈ ડી. નં.૧૫૬ તા.૨–૭–૦૯ની અરજીથી ટેના નં.૩૦એ–૦૭–૧૩૭૧–૦–૦૦૧ ની મિલ્કતના તુમારની નકલ બાબત.
સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૭–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૩૬/૦૯–૧૦

શ્રી સૂર્યકાંત બુધાભાઈ પાટીલ આઈ ડી. નં.૧૫૬ તા.૨–૭–૦૯ની અરજીથી ટેના નં.૩૦એ–૦૭–૧૩૭૧–૦–૦૦૧ ની મિલ્કતના તુમારની નકલ બાબતે આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.૬૯૩ તા. ૨૯–૭–૦૯ ના પત્રથી ઈન્કાર કરતાં નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, ત્રાહિત વ્યકિતને પાઠવેલ તથા ઈન્કાર અંગેનો પત્ર, આપેલ માહિતી અને ઈન્કાર કરેલી માહિતી વિગતો સહિત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/પ૨૫ તા.૧૮–૮–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૯૦૪ તા.૪–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ અરજદારની મુળ અરજીની નકલ, સદર મિલ્કતનું સને ૨૦૦૬–૦૭ નું વેરાબીલ, સદર મિલ્કતના માલિકને આરટીઆઈ એકટની કલમ–૧૧ મુજબ પાઠવેલ પત્ર નં.૫૮૪ તા.૧૩–૭–૦૯ની તથા પોસ્ટ કર્યાની નકલ, કલમ–૧૧ મુજબ પાઠવેલ પત્રનો તા.૨૧–૭–૦૯ નો જવાબની નકલ, અરજદારને આપેલ માહિતીનો નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/ નં.૬૯૩ તા.૨૯–૭–૦૯ નો પત્રની નકલ તથા પોસ્ટ કર્યાની નકલ રજૂ કરેલ છે.

અરજદારની આઈ ડી. નં.૧૫૬ તા.૨–૭–૦૯ ની અરજીથી ટેના નં.૩૦એ–૦૭–૧૩૭૧–૦–૦૦૧ ની મિલ્કતના તુમારની નકલ બાબતે આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.૬૯૩ તા. ૨૯–૭–૦૯ ના પત્રથી ઈન્કાર કરતાં તા.૭–૮–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે સદર મિલ્કત બુધાલાલ હિલાલ પાટીલના નામે ચાલે છે. જાહેર માહિતી અધિકારીએ નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૫૮૪ તા.૧૩–૭–૦૯ ના રોજ ત્રાહિત વ્યકિત તરીકે મિલ્કત ધારક શ્રી બુધાલાલને પત્ર પાઠવી તા.૨૨–૭–૦૯ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂમાં અભિપ્રાય આપી જવા જણાવેલ. જે અંગે મિલ્કતના માલિક બુધાભાઈ હિલાલ પાટીલ તા.૨૫–૧૨–૦૭ ના રોજ અવસાન પામેલ છે તેમની જગ્યાએ તેમના વહુ વંદનાબેન સૂર્યકાંત પાટીલે અરજદારને સદર મિલ્કત અંગે વાંધો નોંધાવેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ ગ્રાહય રાખી અરજદારને નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૯૩ તા.૨૯–૭–૦૯ થી અરજદારને "આપશ્રીની તા.૨–૭–૦૯ ની અરજી આઈ ડી. નં.૧૫૬ થી માંગેલ માહિતી અંગે ત્રાહિત પક્ષકારે માહિતી આપવા અંગે વાંધો ઉઠાવી માહિતી નહીં આપવા જણાવેલ છે જેથી આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી આપવા હું ઈન્કાર કરું છું" તેવું જણાવેલ છે. જયારે એપેલન્ટ તેમના સગા પુત્ર છે અને તેમણે અપીલમાં રજૂઆત કરેલ છે કે હમો મિલ્કતના સીધી લીટીના વારસદાર થતાં હોય નામ રેકર્ડ ઉપર ચઢાવવા માંગીએ છીએ તેથી અસલ તુમારની માંગણી કરેલ છે. મર્હુમ પિતા ગુજરી ગયા હોવા છતાં "ત્રાહિત પક્ષકારે માહિતી આપવા અંગે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ છે જેથી આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી આપવા ઈન્કાર કરું છું" એવું જણાવી અમારી અરજીમાં માંગેલ વિગત આપવાનો ઈન્કાર કરેલ છે જે ગેરકાયદેસર છે. મિલ્કતના માલિક મર્હુમ વાંધો લેવા આવી શકે તેમ નથી એ હકીકત જાણવા છતાં માહિતી આપવાનો ઈન્કાર કર્યાનો હુકમ રદ કરવો અને માંગેલી માહિતી આપવા રજૂઆત કરેલ છે.

પ્રસ્તુત કેસમાં ટેના. નં. નં.૩૦એ–૦૭–૧૩૭૧–૦–૦૦૧ વાળી મિલ્કતનું વેરાબીલ અત્રે રજૂ કરેલ છે જેના હોલ્ડર તરીકે પ્રથમ કરપાત્ર વ્યકિત બુધા હીલાલ પાટીલ છે. જે અંગેની આરટીઆઈ એકટની કલમ–૧૧ (૨) હેઠળ તેમને નોટીસ આપવામાં આવેલ છે. જે અંગેનો ત્રાહિત વ્યકિત તરીકે બુધાભાઈ પાટીલના વહુ વંદના સૂર્યકાંત પાટીલે વાંધો નોંધાવેલ છે. જે મિલ્કતના વારસદાર તરીકે તેમનું નામ ન હોઈ તેઓ મિલ્કતની માહિતી અંગે ત્રાહિત વ્યકિત ગણી શકાય નહીં. આથી જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત વ્યકિત તરીકે ગણીને તેના વાંધાને ગ્રાહય રાખી અને અરજદારને માહિતી નહી આપવા અંગે કરેલ નિર્ણય કાયદા સાથે સુસંગત નથી.

***<u>હુકમ</u>***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી નં.૧૫૬ તા.૨–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ દફતરે નામ ધારક વ્યકિત શ્રી બુધાલાલ જેમને પ્રસ્તુત કિસ્સામાં ત્રાહિત ગણી શકાય. તેઓ તરફથી કલમ–૧૧ હેઠળ માહિતીના ઈન્કાર માટે કોઈ વાંધો રજૂ થયેલ ન હોય, જાહેર માહિતી અધિકારીએ કરેલો ઈન્કાર ગ્રાહય રાખવા પાત્ર ઠરતો નથી.

કલમ–૧૧ ની વૈદ્યાનિક જોગવાઈ ધ્યાનમાં લેવામાં આવે તો ત્રાહિતને લગતી અથવા ત્રાહિત ધ્વારા પૂરી પાડેલ અને ખાનગી ગણેલ માહિતી બાબતે આ પ્રક્રિયા હાથ ધરવાની થાય છે તેમાં પણ વેપાર અથવા વાણિજય રહસ્યો જે કાયદાથી રક્ષિત છે તે સિવાયના કિસ્સામાં ત્રાહિતને થતાં સંભવિત નુકશાન સામે જાહેર હિત વધુ અગત્યનું હોય તો જાહેર માહિતી અધિકારી એવી માહિતી જાહેર કરવા નિર્ણય લઈ શકે છે. જે ધ્યાને લેતાં તેમજ અરજદારની અપીલમાંની તેઓ બાબત હેઠળની મિલ્કતના વારસદાર હોવાની રજૂઆત ધ્યાને લેતાં પ્રસ્તુત કેસમાં અરજદાર પણ હિતધારક ગણી શકાય તેથી અરજદારે માંગેલ માહિતી બાબતે માંગેલ માહિતી પૈકી દફતરે ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ – ૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***<u>પ્રતિ</u>***
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સૂર્યકાંત બુધાભાઈ પાટીલ